**પેસેન્જરોને રીક્ષામાં બેસાડી નજર ચુકવી રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોન ચોરી કરતા ઈસમોને પકડી પાડતી, પુણા પોલીસ.**

સુરત શહેરના પુણા પો.સ્ટે. વિસ્તારમાં “અ” પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે.ના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.પો.કો.વનરાજસિંહ કાળુભાઈ તથા અ.પો.કો. રવીકુમાર બળદેવભાઈ નાઓને મળેલ બાતમી આધારે પુણા પો.સ્ટે.I ગુ.ર.નં.૧૮૪/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૪૪ મુજબના ગુન્હાનો આરોપી અનિશ ઉર્ફે ચીકનો કબુતર સર્કલ પાસે થોડીવારમાં આવનાર છે જેણે શરીરે ગ્રે કલરનું ટી-શર્ટ પહેરેલ છે. વિગેરે બાતમી આધારે વોચ તપાસમાં રહી આરોપી મોહંમદ અનિશ ઉર્ફે ચીકના ઈલીયાસ અંસારી ઉ.વ. ૨૫ રહે. રામનગર ઘર નં-૨૮૨, મંસુરી હોલા ઝુપડપટ્ટી મારૂતીનગર લીમ્બાયત, સુરત હોવાનુ જણાવતા તેઓની પુછપરછ કરતા તે ઉપરોક્ત ગુન્હાની હકિકત કબુલાત કરતા સદર ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.